# સુરત મહાનગરપાલિકા

## કોવીડ–૧૯ અંતર્ગત ટેક્ષટાઈલ માર્કેટો ચાલુ રાખવા અંગેની માર્ગદર્શિકા / નિયમો

વિશ્વભરમાં ફેલાયેલી કોરોના મહામારીને ફેલાતી અટકાવવા માટે ભારત ભરમાં આશરે ૩ (ત્રણ) મહિનાના તબકકાવાર લાગુ કરવામાં આવેલ લોકડાઉન બાદ જનજીવનને સામાન્ય કરવા અનલોક–૧ જાહેર કરવામાં આવેલ. જેમાં વિવિધ વ્યવાસીક પ્રવૃત્તિઓ કરવા છુટછાટ આપવામાં આવેલ. જેના ભાગરૂપે સુરત શહેરની ટેક્ષટાઈલ માર્કેટો નીચે મુજબના નિયમોનું પાલન કરવાની શરતે ચાલુ રાખી શકાશે.

➢ **વ્યવસાય / કામગીરીના સ્થળ બાબત**:–

- તમામ માર્કેટ/ દુકાનો/ મટીરીયલ લોર્ડીગ–અનલોર્ડીગ સ્પેસમાં કામ ઉપર આવતા કામદારો / મુલાકાતીઓનું નોંધણી રજીસ્ટર માર્કેટના ગેટ ઉપર રાખવું .
- તમામ દુકાનોમાં યોગ્ય પ્રમાણમાં નેચરલ ક્રોસ વેન્ટીલેશન મળી રહે તે મુજબની વ્યવસ્થા કરવાની રહેશે. જે દુકાન/રૂમમાં નેચરલ વેન્ટીલેશન શકય ન હોય તેવી દુકાનોમાં એગ્ઝોસ્ટ ફેન (પ્રતિ ચો.ફુટ ૦૧ સી.એફ.એમ. કેપેસીટી મુજબ) ફરજીયાત રાખવાના રહેશે. જે સ્થળે/ દુકાનોમાં એગ્ઝોસ્ટ ફેન લગાવવાનું શકય ન હોય તેવા સ્થળે/દુકાનોમાં હાજર તમામ વ્યકિતઓએ ફરજીયાત N95 માસ્ક પહેરવાનું રહેશે.
- દુકાનોમાં કામ કરનાર કર્મચારીઓ વચ્ચે ૧.૦ મીટર જેટલુ સોશ્યલ ડીસ્ટન્સ જળવાઈ તે મુજબ યુનિટના ફર્નીચર / મશીનરીના લે–આઉટમાં ફેરફાર કરવાનો રહેશે અથવા તે માટે પી.વી.સી.જેવા મટીરીયલના પાર્ટીશન/બેરીયર્સ લગાવવાના રહેશે તથા ફલોર અને દિવાલો ઉપર યોગ્ય અંતરે સર્કલ, લાઈન જેવા માર્કિંગ કરવાના રહેશે.
- દુકાનોમાં તથા માર્કેટના કોમન એરીયામાં (પેસેજ, એન્ટ્રી, દાદર, પાર્કીગ એરીયા વિગેરે) ફકત સક્ષમ સત્તા ધ્વારા નકકી કરવામાં આવે તે મુજબના ડીસ્પ્લે મટીરીયલ્સ (કોરોના મહામારી અંગે જાગૃતી લાવવા તથા સાવચેતીના પગલાની જાણકારી આપવા બાબત) જાતે છપાવીને સ્પષ્ટરીતે જોઈ શકાય તે રીતે લગાવવાના રહેશે.
- દુકાનોમાં સંપૂર્ણ વિસ્તારને આવરી લે તે મુજબ સીસીટીવી કેમેરા લગાવવાના રહેશે.
- તમામ દુકાનોમાં પ્રવેશ પર પગથી સંચાલિત વોશ બેસીન / સેનીટાઈઝર મુકવાના રહેશે.
- દુકાનોમાં આવેલ તમામ ફર્નીચરને દરરોજ બે વખત સેનીટાઈઝ કરવાની રહેશે.

- માર્કેટના કોમન એરીયામાં (પેસેજ, એન્ટ્રી, દાદર વિગેરે) તેમજ માર્કેટના તમામ બાથરૂમને દરરોજ દિવસના બે વખત હાયપોકલોરાઈડથી સાફ–સફાઈ કરાવવાના રહેશે.
- દુકાનોમાં કારીગરો / સ્ટાફ માટે કામગીરીને યોગ્ય જરૂરી પર્સનલ પ્રોટેકશનના સાધન (માસ્ક વિગેરે) ઉપલબ્ધ રાખવાના રહેશે તથા આવા સાધનોના ડીસ્પોઝલ માટે યેલો કલર બેગની વ્યવસ્થા કરવાની રહેશે. આવી ડીસ્પોઝલ બેગનો બાયો મેડીકલ વેસ્ટ ડીસ્પોઝલ સીસ્ટમ મારફત રોજે–રોજ નિકાલ કરવાનો રહેશે.

➢ **વ્યવસાય / કામગીરીની પધ્ધતિ બાબત**:–

- તમામ માર્કેટો સોમવાર થી શનિવાર ચાલુ રાખી શકાશે તેમજ રવિવારે માર્કેટો સંપૂર્ણ બંધ રાખવાની રહેશે. તમામ માર્કેટમાં આવેલ દુકાનોને ઓડ–ઈવન પધ્ધતિથી ચાલુ રાખવાની રહેશે. આમ, રોજ દરેક માર્કેટમાં આવેલ કુલ દુકાનો પૈકી ફકત ૫૦% દુકાનો જ વારાફરતી ચાલુ રાખી શકાશે.
- બિમાર અથવા બિમારીના લક્ષણ ધરાવતા તથા ૧૦ વર્ષથી ઓછી કે ૬૦ વર્ષથી વધુ વય ધરાવતા / કોમરબીડ (હાઈપર ટેન્શન,ડાયાબીટીશ વિગેરે જેવા બિન ચેપી રોગો ધરાવતા) વ્યકિતઓને કામ ઉપર આવવા દેવાના રહેશે નહી.
- માઈક્રોકન્ટેઈનમેન્ટ વિસ્તારમાંથી કોઈ પણ મજુર / કારીગર કામ ઉપર આવી શકશે નહિં.
- શહેર બહારથી આવતા કોઈ પણ વ્યકિત ૧૪ (ચૌદ) દિવસ કોરન્ટાઈન રહયા પછી જ કામ ઉપર આવી શકશે.
- માર્કેટમાં ગ્રે કાપડની અવર–જવર થઈ શકશે નહી.
- દુકાનોમાં કામ કરતા તમામ કર્મચારીઓ તેમજ મુલાકાતીઓની માર્કેટના ગેટ ઉપર તેમજ દુકાનોમાં રજીસ્ટરમાં અચુક નોંધણી (નામ, સરનામું, મોબાઈલ નંબર, ઉંમર વિગેરે) કરવાની રહેશે.
- માર્કેટની દુકાનોમાં કામ ઉપર આવતા કર્મચારીઓ / મુલાકાતીઓનું માર્કેટના ગેટ ઉપર આઈ.સી.એમ.આર.ની ગાઈડ–લાઈન મુજબ દરરોજ ૨(બે) (કામ ઉપર આવવાના તથા જવાના સમયે ) વખત ગન વડે થર્મલ સ્ક્રિનીગ કરી ટેમ્પ્રેચર લેવાનું રહેશે.
- દુકાનોમાં કામ કરતા દરેક વ્યકિતઓના પલ્સ ઓકસીમીટરથી દરરોજ ચકાસણી કરી ઓકસીજન લેવલ ૯૫ કરતા ઓછું ન હોય તેની ખાતરી કરવાની રહેશે.
- કામગીરીના સ્થળે ચકાસણીમાં કોઈ વ્યકિત બિમાર / અસામાન્ય લક્ષણ ધરાવતો જણાય તો આવા કર્મચારીને તાત્કાલિક અન્ય કર્મચારીઓથી અલગ કરી સરકારશ્રીની મેડીકલ હેલ્પ

લાઈન (૧૦૪) ને જાણ કરવાની રહેશે તથા આવા વ્યકિતને ઘર / હોસ્પીટલ પહોંચાડવાની વ્યવસ્થા કરવાની રહેશે.

- દુકાનોમાં આવવાના સમયે અને જવાના સમયે દરેક કામદાર / સ્ટાફે વારાફરતી ૧.૦ મીટરનું અંતર જળવાઈ રહે તે મુજબ એક પછી એક આવવા જવાનું રહેશે.
- તમામ માર્કેટોમાં શીફટ શરૂ થવા તેમજ પુરી થવા સમયે ડ્રીલ કરવાની રહેશે. જેમાં કારીગરોને કોરોના મહામારી તેના ફેલાવાની રીત તથા તેના સંક્રમણ થી બચવા લેવા જોગ સાવચેતીના પગલાઓ અંગે માહિતી / માર્ગદર્શન પુરૂ પાડવાનું રહેશે તથા દરેક વ્યકિત આવા તમામ સાવચેતીના પગલા લેશે તે મુજબની શપથ લેવડાવવાની રહેશે તથા જુસ્સા પ્રેરક સુત્રોચ્ચાર કરાવવાના રહેશે.

  **(શપથ :– હું કોરોના મહામારીના સંક્રમણને અટકાવવા માટે સરકારશ્રી ધ્વારા નકકી કરવામાં / સુચવવામાં આવેલ તમામ સલામતીના પગલા લઈશ અને આ મહામારી ફેલાતી અટકાવવામાં મારો ફાળો આપીશ.)**

  **(સૂત્રોચ્ચાર :– હારસે કોરોના જીતસે સુરત, એક લક્ષ હમારા હે કોરોના કો હરાના હે.)**
- તદઉપરાંત માર્કેટ સવારે શરૂ થાય ત્યારે વંદે માતરમ તથા સાંજે બંધ થવાના સમયે રાષ્ટ્રગીતનું ગાન કરવાનું રહેશે.
- માર્કેટના તમામ કર્મચારીઓને ભારત સરકારશ્રીની આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરાવવાની રહેશે.
- દુકાનોના તમામ કર્મચારીઓએ સરકારશ્રીની ગાઈડ–લાઈન મુજબ ફરજીયાત માસ્ક પહેરવાનુ રહેશે તેમજ સોશ્યલ ડીસ્ટન્સ જાળવવાનું રહેશે.
- તમામ દુકાનોના કર્મચારીઓએ સરકારશ્રીની ગાઈડ–લાઈન મુજબ અવાર–નવાર સેનેટાઈઝર/હેન્ડવોશ નો ઉપયોગ કરવાનો રહેશે.
- તમામ દુકાનોમાં સીસીટીવી કેમેરા દરરોજ ચાલુ રાખવાના રહેશે અને તેનું દિવસવાર રેકોર્ડીગ રાખવાનું રહેશે તથા સક્ષમસત્તા ધ્વારા ચકાસણી દરમ્યાન રેકોર્ડીગ માંગવામાં આવે ત્યારે આવા રેકોર્ડીગ રજુ કરવાના રહેશે.
- કોઈપણ સંજોગોમાં માર્કેટમાં કેન્ટીન / ભોજનાલય વ્યવસ્થા રાખી શકાશે નહી કે સમુહમાં ભોજન કરી શકાશે નહી.
- તમામ માર્કેટમાં આવેલ ખાણી–પીણીની દુકાનો જેવી કે પાન–માવા અને ચા ની દુકાનો બંધ રાખવાની રહેશે તથા તમામ દુકાનોમાં કામ કરતા દરેક કર્મચારીઓ પોતાની માર્કેટની

આજુ–બાજુ / નજીકમાં આવેલ પાન–માવા અને ચા ની લારી–ગલ્લા કે દુકાનોમાં ચા પીવા કે પાન માવા ખાવા માટે જઈ શકશે નહી.

- o દરેક માર્કેટમાં કોરોના સેફટી કમિટિની રચના કરવાની રહેશે. આ કમિટિએ માર્કેટના તમામ સભ્યોને સક્ષમ સત્તા ધ્વારા વખતો–વખત નકકી કરવામાં આવતા નિયમોની જાણકારી આપવાની રહેશે. તેમજ તમામ માર્કેટોના કર્મચારી / સ્ટાફ / મુલાકાતીઓ સરકારશ્રીની ગાઈડ–લાઈનનું તેમજ ઉપરોકત તમામ નિયમોનું સંપૂર્ણપણે પાલન કરે તે સુનિશ્ચિત કરવાનું રહેશે તથા તમામ નિયમોનું પાલન થયેલ છે કે કેમ? તેનું સેલ્ફ વેરીફીકેશન કરી તે અંગેનું ચેકલીસ્ટ માર્કેટની કોરોના સેફટી કમિટિના ચેરમેનની સહી સાથે નિભાવવાનું રહેશે. આવી કમિટિના સભ્યો તથા ચેરમેનની વિગત સુરત મહાનગરપાલિકાને પાઠવી આપવાની રહેશે.
- o ઉપરોકત નિયમો સિવાય સરકારશ્રી ધ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતા માર્ગદર્શક નિયમો/ સુચનાઓનું પણ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

➢ **<u>પ્રોત્સાહક / શિક્ષાત્મક પગલાઓ</u> :–**

- o સક્ષમ સત્તા ધ્વારા ગમે તે સમયે આવી ચાલુ માર્કેટોનું સરપ્રાઈઝ ચેકીંગ કરવામાં આવશે. આવા ચેકીંગ દરમ્યાન જો ઉપરોકત નિયમોનું પાલન થતું ન હોવાનું જણાશે તો આવી માર્કેટો ઉપર શિક્ષાત્મક કાર્યવાહી / રોકડ દંડ કરવામાં આવશે.
- o સક્ષમ સત્તા ધ્વારા ગમે તે સમયે આવા ચાલુ માર્કેટોમાં કર્મચારીઓનું એન્ટીજન ટેસ્ટ કરવામાં આવશે. આવા પરિક્ષણમાં જો (૧) ૧૦૦ દુકાનો ધરાવતી માર્કેટોમાં ૨(બે) વ્યકિતઓ, (૨)૧૦૦ થી વધુ અને ૫૦૦ સુધી દુકાનો ધરાવતી માર્કેટોમાં ૫(પાંચ) વ્યકિતઓ અને (૩)૫૦૦ થી વધુ દુકાનો ધરાવતી માર્કેટોમાં ૧૦(દસ) વ્યકિતઓ સંક્રમિત થશે તેવી માર્કેટોને સંપુર્ણપણે બંધ કરાવવામાં આવશે.
- o સક્ષમ સત્તા ધ્વારા કરાયેલ ચકાસણીમાં જે માર્કેટોમાં ઉપરોકત તમામ નિયમોનું પાલન થતું હોવાનું જણાશે તથા એકપણ સંક્રમિત વ્યકિત ન મળે તેવી માર્કેટોને કોવીડ સેફટી એક્રેડીટેશન આપવામાં આવશે.

**હુકમથી,**

**ટીડીઓ/આ.નં.૮૦૫**
**તા.૧૦/૦૭/૨૦૨૦**

**-Sd/-**
**ઈ.ચા.નગર નિયોજક**
**શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતુ**
**સુરત મહાનગરપાલિકા**